(૫) તેઓ મૂળ પગારના ૩૦% લેખે ઘરભાડા ભથ્થુ મેળવે છે. તેઓ માસિક રૂ.૫૫૦૦ ઘરભાડુ ચૂકવે છે.

(૬) અન્ય ભથ્થાં : શિક્ષણ ભથ્થું રૂ.૬૦૦ માસિક (બે બાળકો માટે)
હોસ્ટેલ ભથ્થું રૂ.૫૦૦ માસિક (એક બાળક હોસ્ટેલમાં ભણે છે.)
સિટી કોમ્પેનસેટરી ભથ્થું માસિક રૂ.૮૦૦.

(૭) તેમને કંપની દ્વારા તા.૧-૧-૨૦૧૮ના રોજ રહેઠાણ માટે એક ફ્લેટની સગવડ આપવામાં આવેલ છે, જે અંગે કંપની માસિક રૂ.૯૦૦૦ ભાડુ ભરે છે. આ ફ્લેટમાં કંપનીએ રૂ.૩૦૦૦૦૦ની કિંમતના ગૃહઉપયોગના સાધનો વસાવેલ છે, આ ઉપરાંત ભાડાનું ફર્નિચર વસાવેલ છે, જે અંગે કંપની માસિક રૂ.૫૦૦૦ ફર્નિચરનું ભાડુ ભરે છે.

(૮) કંપની તરફથી તેમને અંગત તેમજ કંપનીના કામ માટે ૧૬૦૦ ક્યૂબિક કેપેસિટીવાળી એક મોટરકાર પણ મળેલ છે, જેનો ડ્રાઈવરના પગાર સહિત નિભાવ ખર્ચ રૂ.૮૪૦૦૦ કંપનીએ ચૂકવેલ છે. તે ગાડીનો બંને હેતુઓ માટે ઉપયોગ થાય છે.

(૯) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપની તરફથી મૂળ પગારના ૧૪% લેખે ફાળો આપવામાં આવે છે.

(૧૦) વ્યવસાય વેરો રૂ.૨૪૦૦ તે ચૂકવે છે.

અથવા

પ્ર.૩ રોહિત મુંબઇની કંપનીના સંચાલક કર્મચારી છે. નીચેની માહિતી પરથી આકારણી વર્ષ-૨૦૧૮-૧૯ માટે તેમની કરપાત્ર આવકની ગણતરી કરો : (૧૫)

(૧) મૂળ પગાર રૂ.૩૦૦૦૦ માસિક, જે તા.૧-૭-૨૦૧૭થી વધારીને રૂ.૩૬૦૦૦ માસિક કરવામાં આવે છે.

(૨) મોંઘવારી ભથ્થું મૂળ પગારના ૫૦% છે. (૪૦% ભથ્થું નિવૃત્તિના લાભ માટે ધ્યાનમાં લેવાય છે.)

(૩) માલક તરફથી ૧.૪ લિટરની એંજિનની ક્યૂબિક કેપેસિટીવાળી મોટર બંને હેતુઓ માટે ઉપયોગ કરવા માટે મળેલ છે, જેનો બધો નિભાવ ખર્ચ કર્મચારી પોતે ભોગવે છે.

(૪) માલિક દ્વારા જેનો નિભાવ થાય છે તેવી શૈક્ષણિક સંસ્થામાં તેમનાં ત્રણ સંતાનોને અંશતઃ મફત શિક્ષણ આપવામાં આવે છે, જે અંગે કંપનીએ ભોગવેલ ખર્ચ રૂ.૩૯૦૦૦ પૈકી તેણીનાં પગારમાંથી રૂ.૧૫૦૦ની રકમ કાપી લેવામાં આવી છે.

(૫) તા.૧-૧-૨૦૧૫ના રોજ કંપનીએ ડિજીટલ ડાયરી રૂ.૧૮૦૦૦માં ખરીદી હતી. તે તેમને વાપરવાની છૂટ હતી. તા.૧-૬-૨૦૧૭ના રોજ તેમણે તે ડાયરી કંપની પાસેથી રૂ.૧૦૦૦માં ખરીદી.

(૬) તા.૧-૭-૨૦૧૮ના રોજ તેમને મકાન બાંધકામ માટે રૂ.૫૦૦૦૦૦ની લોન ૩.૬૫%ના દરે કંપનીએ આપી હતી. (આવી લોન અંગે એસ.બી.આઇ.નો તા.૧-૪-૨૦૧૭ના રોજનો દર ૮.૬૫%નો હતો.)

(૭) વર્ષ દરમ્યાન કંપની તરફથી રૂ.૪૦ના રાહત દરે કુલ ૧૫૦ ભોજન આપેલ છે. કંપનીએ ભોજનદીઠ રૂ.૧૮૦ ચૂકવ્યા.

(૮) તા. ૧-૮-૨૦૧૭થી બિન સજાવટવાળા રહેઠાણની સવલત તેઓને આપેલ છે, જેનું વાર્ષિક ભાડું રૂ. 30000 કંપની ચૂકવે છે.

(૯) કંપની તરફથી ઓફિસના અને અંગત કામ માટે લેપટોપ તથા કમ્પ્યૂટરની સગવડ મળેલ છે. કંપનીએ તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ રૂ. ૩૫૦૦૦માં કમ્પ્યૂટરની અને રૂ. ૪૫૦૦૦માં લેપટોપની ખરીદી કરી હતી.

(૧૦) શ્રી રોહિતે ક્રેડિટકાર્ડ પર રૂ. ૧૫૦૦૦ની અંગત ખરીદી કરી હતી, જેની ચૂકવણી કંપનીએ કરી હતી. આ ઉપરાંત ક્રેડિટકાર્ડની વાર્ષિક ફી રૂ. ૫૦૦ પણ કંપનીએ ભરી આપી હતી.

(૧૧) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો મૂળ પગાર પર રૂ. ૫૭૯૬૦